બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪ કુલ ગુણ : ૧૦૦

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં (ગુણ : ૧ ☐) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ' નવી આવૃત્તિના આધારે

પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)

નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. ૨, ૩ (૯) ૨. ૧, ૩ (૩૩) ૩. ૧, ૩ (૮૯)

પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)

નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. સામાન્ય રીતે કેટલા પ્રકારની આજ્ઞા હોય છે ? કઈ કઈ ? (૪૫)

જ. સામાન્ય રીતે બે પ્રકારની આજ્ઞા હોય છે. (૧) નિત્ય આજ્ઞા (૨) નૈમિત્તિક આજ્ઞા

૨. યોગીજી મહારાજના મતે સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું ક્યારે આવે ? (૧૪૨)

જ. યોગીજી મહારાજના મતે સત્સંગમાં અભાવ-અવગુણરૂપ ખટાશ ન આવે તો સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું આવે.

૩. વરતાલ-૧૧ મુજબ આત્મદર્શન અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું કયું સાધન છે ? (૧૬૦)

જ. વરતાલ-૧૧ મુજબ 'સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શન અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું સાધન છે.'

૪. પ્રાપ્તિના મહિમાનો વિચાર શેના શેના આધારે કરી શકાય ? (૧૮૫)

જ. પ્રાપ્તિના મહિમાનો વિચાર 'શ્રદ્ધા અને વિશ્વાસ, ખપ, ઈશક, આસક્તિ અને વેગને આધારે કરી શકાય. **અથવા** પ્રાપ્તિના મહિમાનો વિચાર (૧) અસાધારણ કાર્યોને આધારે (૨) કલ્યાણકારી સદ્‌ગુણોને આધારે (૩) સ્વરૂપને આધારે (૪) પ્રાપ્તિની દુર્લભતાને આધારે કરી શકાય.

૫. શિક્ષાપત્રી પ્રમાણે વૈરાગ્યની વ્યાખ્યા જણાવો. (૧૦૨)

જ. 'શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો.'

પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)

૧. "આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે." (૫)

જ. સ્વાનુભવના આધારે પ્રમાણભૂત સાધના (૫)

૨. "આ જન્મે એકાંતિક થવાનો હોય તેને ઊતરતાનો સંગ થાય તો સો જન્મ ધરવા પડે." (૧૩૪)

જ. સત્સંગમાં રહેલા કુસંગથી નુકશાન (૧૩૩)

૩. "દુઃખી સંતની સેવા કરે તે ધ્યાનમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરે તેનાં કરતાં પણ અધિક છે." (૬૨)

જ. સેવાની મહત્તા અને આવશ્યકતા (૬૧)

૪. "ગાફલાઈ રાખશું તો બટ્ટો લાગશે." (૧૨૬)

જ. સુધા સાવધાન રહેજ્યો (૧૨૪)

૫. "કદી પણ જો પ્રગટ સત્પુરુષના સ્વરૂપમાં મનુષ્યભાવ આવ્યો, તો કાંઠે આવેલું વહાણ બૂડ્યું જાણજો." (૧૫૮)

જ. **મનુષ્યભાવથી ખોટ (૧૫૭)**

પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)

નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.

૧. પ્રેમલક્ષણા ભક્તિ (અનુક્રમણિકા - પેજ. ૧૧)

જ. (૧) ભગવાનને વિશે પ્રીતિના લાભ (૨) ભગવાનને વિશે પ્રીતિ થવાના ઉપાયો
(૩) કેવી રીતે પ્રીતિ કરવી ? (૪) પ્રીતિવાળાનાં લક્ષણો

૨. વૈરાગ્યની આવશ્યકતા (અનુક્રમણિકા - પેજ. ૧૩)

જ. (૧) વૈરાગ્યથી લાભ (૨) વૈરાગ્ય વગર ખોટ

પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)

નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.

૧. **સ્વરૂપનિષ્ઠાની દૃઢતાના ઉપાયો (૩૪-૩૫)** ભગવાનના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવા માટે શ્રીજીમહારાજ વચનામૃતમાં મુખ્યત્વે તો સત્શાસ્ત્રમાં વિશ્વાસ અને સત્પુરુષનો સંગ બતાવે છે. જેમ કે, સા.૧૩ : "જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે." મ. ૧૩ : "આવી ભગવતસ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી." વળી, સ્વરૂપનિષ્ઠાની જીવનમાં દૃઢતા થાય તે માટે નીચેના મુદ્દાઓ આત્મસાત્ કરવા પ્રયત્નો કરવા જોઈએ. **(૧)** શુદ્ધ મુમુક્ષુતા અને પુરુષોત્તમ નારાયણના યથાર્થ જ્ઞાનની ઊંડી જિજ્ઞાસા. **(૨)** સર્વે સત્‌શાસ્ત્રોમાં અને તેમાંય ખાસ કરીને તો સર્વે શાસ્ત્રોના સારરૂપ વચનામૃત અને સ્વામીની વાતો તથા ગુણાતીત ગુરુઓનાં વચનોમાં અતિશય દૃઢ વિશ્વાસ. **(૩)** વચનામૃત અને સ્વામીની વાતોના નિયમિત વાંચનની સાથે સાથે ભગવાન સ્વામિનારાયણનાં અને ગુણાતીત ગુરુઓનાં જીવનચરિત્રોનો નિત્ય અભ્યાસ; અને તેનું મનન અને નિદિધ્યાસન. **(૪)** પરબ્રહ્મ એવા ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને યથાર્થ સમજનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને એ જ ગુણાતીત પરંપરામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો મન-કર્મે-વચને દૃઢ પ્રસંગ. **(૫)** આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને જેમના દ્વારા તેઓ પ્રગટ છે, એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની કૃપા પ્રસન્નતા મેળવવા તેમના આદેશો પ્રમાણે જીવન જીવવા પ્રામાણિક પુરુષાર્થ. **(૬)** ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત પરંપરાને શુદ્ધભાવે પ્રાર્થના. જો આ પ્રમાણે પ્રયત્ન કરવામાં આવે, તો શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી એમનાં સ્વરૂપની નિષ્ઠા દૃઢ થાય છે. આવી અતિ દૃઢ સ્વરૂપનિષ્ઠા સાધકને સાધનાની સંપૂર્ણ સફળતા અપાવે છે. **અથવા**

૨. **કયા સંકલ્પોની નિષ્ઠા કરવી ? (૨૭-૨૮)** આપણે કયો નિશ્ચય એટલે કે નિર્ણયાત્મક સંકલ્પ દૃઢ કરવાનો છે તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : વચ.પ્ર.૨૧ : "આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે, આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી, એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી." વચ.પં. ૧ : "એમ સર્વે નિશ્ચય રાખજ્યો જે, 'હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે, પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી જે સુખ તેમાં લોભાવું નથી' એવી રીતે સૌ દૃઢ નિશ્ચય રાખજ્યો અને આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો છે માટે દૃઢ કરીને રાખજ્યો." શ્રીજીમહારાજના આ અભિપ્રાયને સમજીને ગુણાતીતાનંદ સ્વામી પણ આપણને કહે છે : "આપણે તો અક્ષરધામમાં જાવું છે, એવો એક સંકલ્પ રાખવો." (સ્વા.વા. ૧/૩૦૧) તેથી દરરોજ આ પ્રમાણે સંકલ્પો કરવા. મારે તો કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે આ ને આ દેહે કરીને જ - **(૧)** અતિશય નિર્વાસનિક થવું જ છે. **(૨)** સંપૂર્ણપણે કામાદિક વિકારોથી મુક્ત થવું જ છે. **(૩)** બ્રહ્મરૂપ થવું જ છે. **(૪)** આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જ છે. **(૫)** જીવન્મુક્તિને પામવું જ છે. **(૬)** અંતે અક્ષરધામમાં જવું જ છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિની પ્રસન્નતા અત્યંત અનિવાર્ય છે. એમની પ્રસન્નતા જ બધું સિદ્ધ કરાવી આપવા સમર્થ છે. તેથી વસ્તુતઃ તો દૈનિક જીવનમાં કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં, કરતી વખતે કે કર્યા પછી

આ પ્રમાણેનો સંકલ્પ કરવો : ''મારે તો કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે, આ ને આ દેહે કરીને જ કેવળ ભગવાન સ્વામિનારાયણને, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને કેવળ રાજી કરવા જ છે, રાજી કરવા જ છે અને રાજી કરવા જ છે.''

૩. **સંપનિષ્ઠામાં સાતત્ય (૧૭૯-૧૮૦)** સાધનાની સફળતાના ચતુર્થ સિદ્ધાંત 'સંપનિષ્ઠા'માં સાતત્ય જાળવી રાખવું જરૂરી છે. જોકે મહારાજે વચનામૃતોમાં 'સંપ' શબ્દ વાપર્યો નથી, પરંતુ તેના તાત્પર્યાર્થમાં 'પક્ષ' શબ્દ વાપર્યો છે. ગમે તેવા સંજોગોમાં પક્ષ જાળવી રાખવાનું મહારાજ વચ.અં.૭માં કહે છે : ''ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહિ.'' વળી, સંપમાં વિક્ષેપ કરનાર આંટી પણ ભગવાનના ભક્ત સાથે કોઈ પ્રકારે ન રાખવાનું અનેક વચનામૃતોમાં (વચ.કા.૯; મ.૬૦, ૬૩)માં કહે છે. સંપને તોડનાર અને કુસંપ વધારનાર મહત્ત્વના પરિબળ તરીકે સ્વભાવો મૂકવાનું તથા ભક્તનો અભાવ-અવગુણ ન લેવાનું તો મહારાજ અનેકાનેક વચનામૃતોમાં કહીને આડકતરી રીતે સંપનું સાતત્ય જાળવી રાખવાનું કહે છે. વળી, સંપને વધુ મજબૂત બનાવવા માટે મહારાજે સંતો-ભક્તોમાં ગુણગ્રાહક દૃષ્ટિ કેળવવાનો નિર્દેશ અનેક વચનામૃતો(વચ.પ્ર.૫૩, મ.૨૬, લો.૫)માં કરેલો છે. તેમ જ ભગવાનના સંબંધે કરીને સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા સમજવાનું પણ મહારાજે ઘણાં વચનામૃતો(વચ.પ્ર.૨૪, કા.૯, લો.૧૬, અં.૨૮)માં કહ્યું છે. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સાધકે સંપ-સુહૃદભાવ અને એકતાના ગુણનું પણ સાતત્ય જાળવી રાખવા માટે મહારાજનો અભિપ્રાય વચનામૃતમાંથી જણાઈ આવે છે. ત્યારપછી ગુણાતીત ગુરુઓએ તો સંપનિષ્ઠાના સાતત્ય માટે ખૂબ આગ્રહ સેવ્યો છે. **અથવા**

૪. **એકાંતિક ભક્તને પ્રાપ્ત થતું ફળ (૧૧૦)** જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ થાય એનું ફળ લૌકિક, માન, મોટપ, પ્રતિષ્ઠા કે કીર્તિ નથી; પરંતુ ભગવાન અને ગુણાતીત સંતની અતિશય પ્રસન્નતા અને કૃપા પ્રાપ્ત થાય એ જ છે. એમનો રાજીપો થાય એ કોઈ સામાન્ય વસ્તુ નથી. એમના રાજીપામાં જ જીવનની સાચી સાર્થકતા છે. જેણે જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ કર્યો છે એવા ભક્તને ભગવાનની અતિશય પ્રસન્નતા તો પ્રાપ્ત થાય જ છે. (વચ.પ્ર.૨૧, મ. ૬૬) પરંતુ સાથે સાથે તેને દેહ છતાં જ ભગવાનની જ તીવ્ર લગની લાગે છે. અગાઉ જણાવ્યા પ્રમાણે તેમનું સમગ્ર જીવન ભગવાનમય બની જાય છે. ભગવાન વગર એક ક્ષણ પણ વીતે નહિ. આ અર્થમાં એનો ભગવાનમાં પ્રવેશ થઈ જાય છે. અંતે પરમપદને પામે છે.(વચ.મ.૩૮; અં. ૩૩) દેહ મૂક્યા પછી એકાંતિક ભક્તને થતી પ્રાપ્તિ વિશે શ્રીજીમહારાજ વચ.પ્ર.૨૧માં કહે છે : ''એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે.. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.'' આમ, સાધક સ્વધર્મનિષ્ઠા એટલે કે એકાંતિક ધર્મ જીવનમાં દૃઢ કરે, તો સાધનાની સફળતારૂપે ઉચ્ચતમ આધ્યાત્મિક સ્થિતિ અને ગતિ પ્રાપ્ત કરી શકે છે.

પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.
(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)

નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.

૧. **અર્ચનભક્તિ (૬૬-૬૯)** પ્રત્યક્ષ ભગવાન કે તેમની અષ્ટ પ્રકારની મૂર્તિ; અથવા તો જેમના દ્વારા તેમનું સમ્યક્ પ્રાગટ્ય છે, તેવા ગુણાતીત સત્પુરુષની મંત્ર, પુષ્પ, ગંધાદિક પ્રત્યક્ષ ઉપચારોથી કે માનસ ઉપચારોથી શ્રદ્ધાપૂર્વક પૂજા કરવી, તે અર્ચનભક્તિ છે. **અર્ચનભક્તિના પ્રકારો :** આ ભક્તિના મુખ્ય બે પ્રકાર છે : (૧) માનસી(આભ્યંતર) પૂજા (૨) પ્રત્યક્ષ (બાહ્ય) પૂજા. **(૧) માનસી પૂજા :** પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ સંત, અથવા તો તેમની મૂર્તિઓને મનમાં ચિંતવેલાં દ્રવ્યો વડે પૂજા કરવી તે માનસી પૂજા છે. એવી જ રીતે મનોમયી (મનમાં ચિંતવેલ) મૂર્તિની મનમાં ચિંતવેલાં દ્રવ્યો વડે ઋતુ પ્રમાણે અને સમય પ્રમાણે વિવિધ પ્રકારે જે પૂજા કરવામાં આવે છે, તેને માનસી પૂજા કહેવામાં આવે છે. શ્રીજીમહારાજ વચ.અં. ૨૩માં કહે છે : જે ભગવાનનો ભક્ત હોય તે નિત્યે ભગવાનની માનસી પૂજા કરે.'' ભક્તિનો આ આદર્શ દર્શાવીને પછી તેઓ આ જ વચનામૃતમાં ઉનાળો, શિયાળો અને ચોમાસું એ ત્રણ ઋતુ પ્રમાણે જુદી જુદી રીતે માનસી પૂજાનો વિધિ સમજાવે છે. ત્યાર પછી આ વચનામૃતને અંતે તેઓ કહે છે, ''એવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે, તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે, ને તેના જીવને બહુ સમાસ થાય છે. માટે જેણે આ વાત સાંભળી છે તે રાખજ્યો, ને નિત્યે આવી રીતે ભગવાનની માનસી પૂજા કરજ્યો.'' આપણા સંપ્રદાયમાં પાંચ

સમયની માનસી પૂજા કરવાની પ્રણાલિકા છે. શ્રીજીમહારાજના વખતથી આજ સુધી ઘણા સંતો-હરિભક્તો પાંચ સમયની માનસી પૂજા કરે છે. **૧. પ્રાતઃ માનસી પૂજા :** આ માનસી સવારે કરવામાં આવે છે. તેમાં ભગવાનને જગાડીને સ્નાન કરાવી, નવાં વસ્ત્રાલંકાર ધારણ કરાવીને ફૂલહાર પહેરાવી, ચંદનપુષ્પાદિકથી પૂજા કરીને પોતાના ભાવતાં ભાતભાતનાં ભોજન કે નાસ્તો જમાડી, આરતી-દંડવત્ વગેરે કરવામાં આવે છે. **૨. રાજભોગ માનસી :** આ માનસી બપોરે કરવામાં આવે છે. તેમાં વિવિધ પ્રકારનાં ભોજન ભગવાનને ધરાવીને ત્યાર બાદ શયનખંડમાં આરામ કરાવવામાં આવે છે. ભગવાન પોઢે એ વખતે ભક્ત ભગવાનની પગચંપી કરે છે. **૩. ઉત્થાન માનસી :** આ માનસી બપોર પછી ત્રણથી ચાર વાગ્યા દરમ્યાન કરવામાં આવે છે. તેમાં ભગવાનને જગાડીને સ્નાન કરાવી, વિવિધ પ્રકારનાં ફળો તથા સૂકામેવાના થાળ અને ઠંડાં પીણાં ધરાવવામાં આવે છે. **૪. સંધ્યા માનસી :** આ માનસી સાંજે સંધ્યા આરતી બાદ કરવામાં આવે છે. તેમાં ભગવાનને સાંજના વિવિધ ભોજન ધરાવવામાં આવે છે. **૫. શયન માનસી :** આ માનસી રાત્રે કરવામાં આવે છે. તેમાં ભગવાનને જળ ધરાવી સુગંધીમાન ઓરડામાં સુંદર પથારી ઉપર પધરાવી શયન કરાવવામાં આવે છે. ભગવાનના શયન વખતે ભક્ત ભગવાનની પગચંપી કરે છે. આ રીતે ભિન્ન ભિન્ન ઋતુ પ્રમાણે વિભિન્ન પ્રકારે પાંચ સમયની માનસી પૂજા કરી શકાય છે. પ્રત્યક્ષ પૂજા કરતાં માનસી પૂજા સર્વસુલભ છે. તે સર્વસુલભ એટલા માટે છે કે એમાં ભગવાન કે સંતનું, અથવા તો એમની મૂર્તિનું પ્રત્યક્ષ સાંનિધ્ય ન હોય તોપણ ચાલે. મનોમયી મૂર્તિ અર્થાત્ હૃદયમાં પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિને ધારીને એની માનસી પૂજા કરી શકાય છે. તેથી ભક્ત કોઈ પણ સ્થળે અને કોઈ પણ સમયે માનસી પૂજા કરી શકે છે. વળી, માનસી પૂજામાં કોઈ પણ પ્રકારના બાહ્ય પદાર્થોની આવશ્યકતા રહેતી નથી. મનમાં ચિંતવેલ સારામાં સારી સુવિધા અને વસ્તુઓ કે પૂજા સામગ્રી દ્વારા પૂજા કરી શકાય છે. માનસી પૂજામાં સ્થળ, સમય, વર્ણ, આશ્રમ, વય, લિંગ કે પદાર્થનું કોઈ પ્રકારનું બંધન નથી રહેતું. તેથી કોઈ પણ વર્ણ, આશ્રમ કે જ્ઞાતિના કોઈ પણ ગરીબ કે તવંગર આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષો આ પ્રકારની માનસી પૂજા કરી શકે છે. તેથી કોઈ પણ વ્યક્તિ માટે માનસી પૂજા સુલભ છે.

(૨) પ્રત્યક્ષ પૂજા. : પ્રત્યક્ષ ભગવાન અથવા પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષની પૂજાનાં પ્રત્યક્ષ દ્રવ્યો વડે પૂજા કરવી તે પ્રત્યક્ષ પૂજા છે. તદુપરાંત અષ્ટપ્રકારની મૂર્તિઓની પણ પ્રત્યક્ષ પૂજાદ્રવ્યો દ્વારા થતી પૂજા પણ પ્રત્યક્ષ પૂજા છે. મંદિરમાં સ્થાપિત મૂર્તિ અચલ મૂર્તિ કહેવાય છે, જ્યારે ઉત્સવ માટે એક સ્થાનેથી અન્યત્ર લઈ જઈ શકાય એવી પંચધાતુની કે અન્ય ચલ મૂર્તિ છે. પોતાની વ્યક્તિગત પૂજાની મૂર્તિઓ ચલ મૂર્તિઓ છે, જેમાં પૂજા વખતે ભગવાનનું આવાહન અને પછી વિસર્જન કરી શકાય છે. મંદિરમાં કે પોતાના ઘરમાં બનાવેલી ઘરમંદિરમાં પધરાવેલી મૂર્તિઓને સમયાનુસાર વિધિવત્ અને ભક્તિભાવપૂર્વક પૂજા, આરતી, થાળ કરવાં જરૂરી છે. ભગવાનના અનંત ઉપકાર આપણા ઉપર છે. તેના ઋણસ્વીકાર સાથે તેમનો ભક્તિભાવપૂર્વક આભાર માનવા માટે નિત્યપૂજા દરેક સત્સંગીએ કરવી જોઈએ. નિત્યપૂજા તો અનંત કોટિ બ્રહ્માંડના સર્વકર્તાહર્તા, નિયંતા જીવોના કર્મફળપ્રદાતા, મોક્ષના દાતા અને સુખમાત્રના નિધિ એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ; અને તેઓ જેમના દ્વારા આ પૃથ્વી પર પ્રગટ રહ્યા છે, એવા ગુણાતીત ગુરુઓ સાથેની વ્યક્તિગત મુલાકાત છે. જીવનમાં અનેક પ્રકારના અનેક પ્રશ્નોના સમાધાન અને શાશ્વત શાંતિ માટે ભગવાન અને સંતમાં જોડાણ અનિવાર્ય છે. એમની સાથેના જોડાણમાં વધારો કરાવનાર આ વ્યક્તિગત નિત્યપૂજા છે. તેથી આબાલવૃદ્ધ બધાં જ સત્સંગી સ્ત્રી-પુરુષોએ તથા ત્યાગીઓએ દરરોજ નિત્યપૂજા કરવી જ જોઈએ, એમ મહારાજે શિક્ષાપત્રી (૪૯-૫૪)માં આદેશ આપીને પૂજા કરવાની રીત પણ સમજાવી છે. પ્રત્યક્ષ પૂજા અને માનસી પૂજામાં મનના શુદ્ધભાવની વિશેષ જરૂરિયાત રહે છે. જો ભક્ત સાચા ભાવથી પ્રત્યક્ષ પૂજા કરે કે માનસી પૂજા કરે, તો તે બન્ને સમાન છે, એવું સમજાવતાં શ્રીજીમહારાજ વચ.સા.૩માં કહે છે : "જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે, અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે, તો એ બેય શ્રેષ્ઠ છે. અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર અને ગદ્ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે, તોય ન્યૂન છે અને માનસી પૂજા કરે છે, તોય ન્યૂન છે."

૨. **નિર્દોષભાવ (દિવ્યભાવ) વગર ખોટ (૪૨-૪૪)** ભગવાન અને ગુણાતીત સંતમાં નિર્દોષભાવ અને દિવ્યભાવ રાખવાની મહત્તા અને આવશ્યકતા સમજીને જો એની દૃઢતા નહિ કરવામાં આવે તો - ભગવાન અને સંતનો અતિશય રાજીપો નહિ મળે. - આજ્ઞા, અનુવૃત્તિ, રુચિ યથાર્થ નહિ પળાય. - કોઈ પણ પ્રશ્નનું કાયમી, શાશ્વત કે આત્યંતિક સમાધાન નહિ થાય. સ્વભાવ, વાસના, દેહભાવ નહિ ટળે. અર્થાત્ નિર્વાસનિક, નિર્દોષ નહિ થવાય. ઉદ્વેગ, અશાંતિ, મનદુઃખ, ફરિયાદ કે ધોખો નહિ મટે. - સાચા અર્થમાં સુખ, શાંતિનો અનુભવ નહિ થાય. - કૃતાર્થતા, પૂર્ણતા નહિ મનાય. - એકાંતિક ધર્મ સિદ્ધ નહિ થાય. - આત્યંતિક કલ્યાણ નહિ થાય, છેલ્લો જન્મ નહિ થાય. - માયાપર નહિ થવાય, અક્ષરધામમાં નહિ જવાય. - સાધનામાં વિઘ્ન આવશે. - ભગવાન અને સંતનો સંબંધ છૂટશે. માટે નિર્દોષભાવ-દિવ્યભાવની સાધનામાં વૃત્તિ અને દૃષ્ટિ

પરોવવાની છે. એમાં રુચિ થાય એવું કંઈક કરવાનું છે. અહીં એ યાદ રાખીએ કે દિવ્યભાવ અનિવાર્ય છે એટલું જ નહિ, પરંતુ સંપૂર્ણ દિવ્યભાવ અનિવાર્ય છે. આમાં ૩૫%, ૪૦%, ૬૦%, ૭૦%, ૮૦%, ૯૦% તો ન ચાલે, પરંતુ ૯૯% કે ૯૯.૯૯૯...% પણ ન ચાલે, પૂરેપૂરા સોએ સો ટકા દિવ્યભાવ અનિવાર્ય છે. બિલકુલ દિવ્યભાવ હોય જ નહિ, તેના કરતાં તો ૧% કે ૨% પણ દિવ્યભાવ હોય, તે તો સારું જ છે. જેમ જેમ દિવ્યભાવ વધતો જાય, તેમ તેમ વધારે લાભ થતો જાય એ વાત પણ સાચી છે, પરંતુ સંપૂર્ણ દિવ્યભાવ વગર સંપૂર્ણપણે માયાથી મુક્ત થવાય તેમ નથી, બ્રહ્મરૂપ થવાય તેમ નથી. એટલા માટે શ્રીજીમહારાજ વચ.મ.૧૩માં કહે છે, "તે સ્વરૂપને તો તમે પણ દેખો છો, પણ તમારા સમજવામાં પરિપૂર્ણ આવતું નથી." શ્રીજીમહારાજના આ વચનનું તાત્પર્ય શું છે ? તેઓ કહેવા માગે છે કે તમે બિલકુલ સમજતા જ નથી એમ નહિ, પરંતુ પરિપૂર્ણ સમજતા નથી. અર્થાત્ સોએ સો ટકા સમજતા નથી. જો સંપૂર્ણપણે દિવ્યભાવે સહિત આ સ્વરૂપ સમજાણું હોય તો તેની પારાશીશી કઈ ? આપણી દિવ્યભાવની દૃઢતાનો પુરાવો કયો ? ક્યારેક આપણે ભ્રમમાં હોઈએ છીએ કે મને તો પ્રત્યક્ષ સ્વરૂપમાં સંપૂર્ણ દિવ્યભાવ છે. જો આ હકીકત હોય તો તેનો તાળો મળવો જોઈએ. શ્રીજીમહારાજ સંપૂર્ણ દિવ્યભાવની પારાશીશી બતાવતાં આ જ વચનામૃતમાં કહે છે : "જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંઈ આસક્તિ રહે જ નહિ... જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે." સંપૂર્ણ દિવ્યભાવની આ અસલ સાબિતી છે. દિવ્યભાવથી થતા લાભમાં વચ.પ્ર.૨૪, ૫૮; પં. ૭; વર. ૫ વગેરે વચનામૃતોના આધારે કહી શકાય કે જો સંપૂર્ણ દિવ્યભાવ દૃઢ થાય, તો દોષો ખરી જાય, માયા ટળી જાય, નિર્દોષ અને બ્રહ્મરૂપ થઈ જવાય. યોગીજી મહારાજ પણ કહે છે : "આપણે સત્પુરુષને નિર્દોષ તો સમજીએ છીએ, પણ સમ્યક્ પ્રકારે નિર્દોષભાવ રહે તો નિષ્કામી, નિર્લોભી થઈ જઈએ." જ્યાં સુધી આપણામાં કામાદિક દોષો અને વાસના આદિક માયિક દેહભાવ છે, ત્યાં સુધી હજી આપણે એમને સમ્યક્ અને સંપૂર્ણ દિવ્ય જાણ્યા નથી. એટલે ખોટા ભ્રમમાં રહેવા કરતાં સાચા અર્થમાં એમને દિવ્ય સમજવાની સાધના કરવાની છે. ફક્ત શબ્દાર્થ નહિ, પરંતુ લક્ષ્યાર્થ સિદ્ધ કરવાનો છે. એટલે તો યોગીજી મહારાજ નિર્દોષબુદ્ધિની દૃઢતા કરવાનું સમજાવતાં કહે છે : "સત્પુરુષની રજેરજ જેવી ક્રિયામાં અખંડ દિવ્યભાવ અને નિર્દોષભાવ રાખવો. સાધુ-સમાગમમાં આજ્ઞા પ્રમાણે વર્તીને માયા પરનું નિર્દોષબુદ્ધિનું જ્ઞાન શીખી લેવું, જેથી કદીય દેશકાળ લાગે જ નહિ." - "અમે પચાસ વર્ષથી સત્સંગમાં છીએ, તે મોટા સદ્‌ગુરુઓ થકી એક જ વાત શીખ્યા છીએ કે નિર્દોષબુદ્ધિ રાખવી." - "ખરો મુદ્દો - પોતાને મળી જે મનુષ્યમૂર્તિ, તેમાં અખંડ દિવ્યભાવ રાખવો, ભગવાન અને સંતમાં નિર્દોષબુદ્ધિ રાખવી. સત્સંગમાં દિવ્યભાવ રાખવો. આપણે આખો ગુણાતીત બાગ દિવ્ય સમજવો. ભગવાનના ભક્તને દિવ્ય જ સમજવા."

વિભાગ ૨ : અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભાગ ૧ તથા ૨નવી આવૃત્તિના આધારે

(ભાગ - ૧ પાના નં. ૧ થી ૫૫૧, પરિશિષ્ટ - ૩ પાના નં. ૫૮૩ થી ૫૯૯, ભાગ - ૨ પાના નં. ૨૭૯ થી ૪૧૭, પરિશિષ્ટ - ૧ પાના નં. ૪૧૮ થી ૪૩૦, પરિશિષ્ટ - ૩ પાના નં. ૪૫૫ થી ૪૬૪, પરિશિષ્ટ - ૪ પાના નં. ૪૬૫ થી ૪૭૩)

નોંધ :- (૧) પ્રશ્નઃ ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.

પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)

નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.

૧. ગુણાતીતાનંદ સ્વામીએ આપેલી મોજ ('નિન્દત નહીં કોઈ દેવકો' થી વંકા આગળ વાંકડા' સુધીના જ પ્રસંગો)

૧. ભાડેરની સીમમાં હિમ નહિ પડે. ૧/૨૨૨

૨. મેઘપર ઉપર સ્વામીશ્રીની કૃપા- મૂળજી ભક્તના મરણથી ગામમાં વરસાદનું એક ફોરું પડતું ન હતું.- સ્વામીશ્રીના આશીર્વાદ. ૧/૨૭૨

૩. હાટીના માળિયાના બાબુનો વ્યવહાર સ્વામી સુધારે છે. ૧/૨૯૨-૨૯૩

૪. ‘આમાં બધે પાણી ભર્યું છે જ્યાં ખોદશો ત્યાં પંદર-વીસ હાથે પાણી નીકળશે.’વાલેરા વરુને માણસામાં આશીર્વાદ. ૧/૩૧૧
૫. જાગા ભક્તને સ્વામીશ્રીએ આપેલા મહારાજના ચાર સુખો. ૧/૩૩૩
૬. બાલમુકુન્દ સ્વામીને શ્રીજી મહારાજની નિત્ય નવી લીલાની વાતું કરવાનું લીધેલું નિયમ. ૧/૩૩૭
૭. હવે આ મુસલમાનને કોઈના વખાણ કરવા મટી ગયા અર્થાત્ તેનો છેલ્લો જન્મ થઈ ગયો. ૧/૩૯૪
૮. ‘કોઈ એનું માથું કાપશે તો પાછું સંધાઈ જશે.’-હીરા રામાણીના દીકરા ઠાકરશીને સ્વામીશ્રીના આશીર્વાદ ૧/૪૦૦
૯. અમારા સંકલ્પ પ્રમાણે મહારાજે તમને આ કુંવર દીધા છે. - ઉગાખુમાણને. ૧/૪૧૮-૪૧૯
૧૦. ગીરમાં થતાં ‘આંધળા જીવડાં’ને સંસ્કારી બનાવ્યા. ૧/૪૪૦
૧૧. ‘આ તો કાચું સોનું પાકે એવી જમીન છે.’-થાણગલોલામાં જસા ભક્તના ખેતરે આશીર્વાદ. ૧/૪૭૦-૪૭૧
૧૨. ‘હવે તેને લાકડા કાપવાં નહિ પડે.’- બાઉદ્દીનને આશીર્વાદ. ૧/૪૮૫

૨. આદર્શ જીવન શિલ્પી ગુણાતીતાનંદ સ્વામી (‘રાધા ભક્તને દિવ્ય દર્શન’ થી ‘સ્વામીશ્રી ઉપલેટામાં’ સુધીના જ પ્રસંગો)

૧. મુંજો સુરુ પાપનો પર્વત - હિંસા ખૂબ આચરે તેને અહિંસા ધર્મ શીખવી ભક્તિ કરતો કર્યો. ૧/૩૦૫
૨. વાલેરા વરુનું પરિવર્તન કર્યું. ૧/૩૦૭
૩. રામા હાટીનું પરિવર્તન કર્યું. ૧/૩૯૩
૪. રઘુવીરચરણદાસને એવું જ્ઞાન આપ્યું કે તેમના ભાઈ નીલકંઠદાસ સાધુ થયા તેને રોગ થયો હતો. તેથી તે ધામમાં જાય તો પણ રઘુવીરચરણદાસને શોક થાય નહિ. ૧/૨૧૪
૫. લાલાભાઈને ઈન્દ્રે ડરાવ્યા છતાં કહ્યું ધાર્યું તો એક સ્વામિનારાયણ ભગવાનનું થાય છે. શ્રીજીમહારાજના કર્તાપણાની નિષ્ઠારૂપી જ્ઞાનની દૃઢતા. ૧/૨૭૮
૬. વાલેરા વરુને પ્રગટની પાકી નિષ્ઠા - જ્ઞાનની દૃઢતા. ૧/૩૧૨
૭. જાગા સ્વામીને ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટકોર - ભગવાનના અખંડ અનુસંધાનરૂપી જ્ઞાન. ૧/૩૪૨
૮. દેહાચારણને એવો વૈરાગ્ય સિધ્ધ થઈ ગયો તો પોતે સાધુ થઈ ગયા. ૧/૨૮૬-૨૮૯
૯. કોવૈયાના રાધા ભક્ત - સાધુ થવાની ઈચ્છા - દીકરાઓનો ઈન્કાર - તેથી ઊભા ઊભા જ માળા ફેરવીને દેહ ત્યાગ. વૈરાગ્યની પરાકાષ્ઠા. ૧/૩૮૭
૧૦. રેંથળના ગોવિંદ ભક્ત - સ્વામીશ્રીમાં મહારાજને દેખતા - એવી ઊચ્ચ કોટિની જ્ઞાન દૃષ્ટિ પામ્યા હતા. ૧/૩૮૯
૧૧. ધોરાજીનો એક મુસલમાન : આપની દૃષ્ટિથી જ જીવ ખૂબ પવિત્ર થઈ જાય છે. અને ભગવાનની ભક્તિ તરફ વળે છે. ૧/૩૯૩-૩૯૫
૧૨. વાગડિયા કણબી પણ સત્સંગી થશે. ૧/૩૯૫
૧૩. આખાના સવજી મહેતા સત્સંગી થાય છે. ૧/૨૩૧

૩. ગુણાતીતની માન-અપમાનમાં એકતા

૧. વડતાલવાળા બોલ્યા વિના રહેશે નહી ને તારાથી તે ખમાશે નહી. માટે તું અહીં જ રહે. - સ્વામીશ્રી પ્રાગજી ભક્તને. ૨/૨૭૯
૨. સ્વામી તો મંદિર ઉજ્જડ કરીને વાડીએ ગયા છે. - ભીમજી કોઠારી. ૨/૨૮૦
૩. તમે જૂનાગઢ પાછા જાવ. મારું અપમાન થશે તે તમારાથી પણ ખમાશે નહી. - સ્વામીશ્રી જાગાભક્તને. ૨/૨૮૦
૪. કરુણાનંદ બ્રહ્મચારી :- આ ગુણાતીતાનંદ સ્વામીની લોકો ભગવાનની જેમ પૂજા કરે છે. તેમને કેમ કોઇ કંઇ કહેતું નથી ? - મને કોઇ શુકજી કહેશો નહિ. સ્વામી ! તમને બધા અક્ષર માને છે તે તમે અક્ષર મનાવશો નહિ. - શુકમુનિ. - પ્રભુ તો એક શ્રીજી મહારાજ છે તેથી કોણે ય પ્રભુ થવાશે નહી. - સ્વામીશ્રી - સભામાં મોટાનું અપમાન થાય છે તેથી ઘણાનું ભૂંડું થશે. - શાસ્ત્રી બળરામદાસજી આચાર્ય મહારાજને - સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ? - સીંજીવાડાના પ્રભુદાસ. ૨/૨૮૪
૫. ‘હળદી જરદી નવ તજે ’..... શુકમુનિના સાધુને સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો. ૨/૨૮૫
૬. સદ્ગુરુ સંતોએ સ્વામીશ્રીનું કરેલું પૂજન. ૨/૨૮૫
૭. સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો. - શુક સ્વામી. ૨/૨૮૫
૮. પ્રાગજીને વિમુખ કરવાનો તો મેં ઠરાવ કર્યો છે. ૨/૨૮૬

૯. આ ફેરે વરતાલવાળાએ બહુ કરી. - કેશવલાલ શેઠ બોટાદ. ૨/૨૮૯
૧૦. તમારી તેમણે ખોટ પડવા દીધી નથી માટે તે વાત હવે જવા દો. - સ્વામીશ્રી સિદ્ધાનંદ સ્વામીને. ૨/૨૮૯
૧૧. માધવ ! જેમ છોંતેરાનો મે વરસે તેમ શબ્દના કરા પડયા - સ્વામીશ્રી ૨/૨૯૦
૧૨. એ તો હું સહન કરું પણ જગતના જીવથી સહન ન થાય. ૨/૨૯૦
૧૩. પવિત્રાનંદ સ્વામીનો પ્રબંધ. ૨/૩૩૪
૧૪. અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે. ૨/૩૩૬-૩૩૭
૧૫. અપમાન સંબંધી શબ્દ પણ પોતાની વાતમાં આવવા દીધો નહીં. - સ્વામી ! મારું બોલ્યું માફ કરજો. ગોપાળજીદાદા ૨/૩૩૭

પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮) નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.

૧. ગુણાતીતાનંદ સ્વામીની સેવાભાવના ('એવા સદ્‌ગુરુ કોણ' થી 'મહારાજનો પુનઃ ગુપ્તવાસ' સુધીના જ પ્રસંગો)

૧. સૂરતમાં નિત્ય ઝોળી માંગવાની સેવા ૧/૮૪
૨. સૂરતથી ગઢડા ચાલીને મહારાજ માટે અથાણું અને બરફીની માટલી લઈને ગયા. ૧/૮૬-૮૭
૩. કારિયાણીમાં માંદા સાધુની સેવામાં. ૧/૧૦૨
૪. આત્માનંદ સ્વામીની સેવામાં. ૧/૧૦૪
૫. અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં છે.(વરસાદમાં મહારાજ ઉપર ધાબળો ધર્યો.) ૧/૧૧૦-૧૧૧
૬. ધરમપુર જતાં દેવાનંદ સ્વામીની સેવામાં ૧/૧૧૫

નોંધ : આ પધ્ધતિ પ્રમાણે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં ઉપર આપેલા પ્રસંગો જ માન્ય ગણાય પણ આ પધ્ધતિ પ્રમાણે પ્રથમ વખત જ પ્રશ્ન પૂછાતો હોવાથી પરીક્ષાર્થીએ નીચે આપેલા પ્રસંગોમાંથી પણ કોઈ પ્રસંગો લખ્યા હોય તો તેને માન્ય રાખી પૂરા ગુણ આપવા.

૧. વિશ્વરૂપાનંદ સ્વામીની સેવામાં ૧/૧૨૫
૨. અઢાર માંદા સાધુની સેવામાં (વરતાલ) ૧/૧૩૭-૧૩૯
૩. રોઝા ઘોડાની આગળ દોડી મહારાજને સૂવા માટે વસ્ત્ર પાથરી તૈયાર કર્યું. ૧/૧૪૫
૪. મહારાજની અંતિમ માંદગીમાં જૂનાગઢ જતાં પહેલાં ઊના પાણીથી મહારાજને નવરાવ્યા. ૧/૧૯૪
૫. ગોપાળાનંદ સ્વામીનો સિગરામ હાંક્યો. ૧/૨૭૭
૬. જૂનાગઢમાં પાળાઓ સાથે દાતરડું લઈને પોતે પણ નીંદવા લાગ્યા ૧/૨૯૧
૭. બગસરાના હરિભક્તોને સારી રીતે જમાડ્યા. ૧/૪૮૬
૮. શું સંકલ્પ કરે છે ? ચાલ જમવા, ખવાસને પીરસ્યું. ૧/૫૩૧
૯. ખંભાતમાં રઘુવીરજી મહારાજને ચમર ઢોળે છે. ૧/૫૫૧

૨. બાળ મૂળજીએ આપેલો ઉપદેશ

૧. વૃદ્ધપણાના વાયદે રહીએ તો જુવાનીની કમાણી પણ જાય. - પિતાને. ૧/૨૩
૨. પાણીની લીલની જેમ જીવાત્મા માયાના આવરણથી જેવો છે તેવો જણાતો નથી. ૧/૩૩
૩. હેતરૂપી માયાની ગોળી ૧/૩૪-૩૫

૩. શ્રીહરિએ કહેલો મૂળજીનો મહિમા

૧. આ મૂળજી ભક્તે તો અમને અખંડ ધારી રાખ્યા છે. - પીપલાણામાં દીક્ષા પ્રસંગે સહજાનંદ સ્વામી. ૧/૩૬
૨. આ મૂળજી તો ગુણથી અતીત છે. અને અમારે રહેવાનું સાક્ષત ધામ છે. રામાનંદ સ્વામીને. ૧/૩૭
૩. આ તો અમારા જૂના મિત્ર છે. (અલૈયામાં મૂળજીને મળતી વખતે મહારાજે આપેલી મૂળજીની ઓળખ) ૧/૪૩
૪. કાળનું તમારી પાસે કાંઈ ઊપજતું નથી. (કાળને ગરદન મારવાના મૂળજીના પ્રશ્નનો શ્રીહરિએ આપેલો ઉત્તર) ૧/૪૪
૫. તમારા આ ગામમાં અમારું અક્ષરધામ આ મૂળજી ભક્તરૂપે પ્રગટ થયાં છે. - ભાદરામાં વશરામભાઈને કીડીઓના પ્રસંગે ૧/૫૦
૬. ભાદરાના ભક્તોની હાજરીમાં સાકરબાને મહારાજે કહેલો મૂળજીનો મહિમા - અમારી સાથે તેની મૂર્તિ મંદિરમાં સ્થપાશે. ૧/૫૨

૭. અક્ષર જન્મોત્સવની મહારાજે કરેલી ઉજવણી. - મૂળજી ભક્તને ઘેર ભાદરાના ભક્તો સાથે મહારાજ વહેલા જમવા પધાર્યા. ૧/૫૩
૮. સાકરબા અને મહારાજ વચ્ચે મૂળજી ભક્ત સંબંધી વાતો. ૧/૫૪
૯. અમારું હેત તો બહુ જૂનું છે મા ! ૧/૫૫
૧૦. મહારાજે કહેલી મૂળજીની મોટપ (અનંત બ્રહ્માંડોને ધરી રહ્યા છે. સર્વે ઈશ્વરના પણ ઈશ્વર છે.) - મૂળજીનો મહિમા સમજાશે ત્યારે જ મારો મહિમા સમજી શકશો. ૧/૫૬-૫૭
૧૧. દસ દસ ગણી મોટપ તેનાથી અનંતગણા પર અક્ષર છે. ૧/૫૮
૧૨. પોતાના પરમ ભક્તના મહિમાનું ગાન તે મહારાજને મન પરા ભક્તિ હતી. ૧/૫૮
૧૩. સર્વથી પર એ અક્ષરબ્રહ્મ ભક્તજનોને પ્રાપ્ય, અભયરૂપ અને સંસાર સિંધુને તારે છે.- ભાદરાના ભક્તોને. ૧/૫૯
૧૪. જેમણે મન જીત્યું છે. સદા પવિત્ર છે. તેજ તે અક્ષરબ્રહ્મને પામે છે. ૧/૬૦
૧૫. મૂળજી ભક્ત સૌને આશ્રય કરવા યોગ્ય છે. ૧/૬૧-૬૨

પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.
(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)

નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.

૧. **સાધુ હરિપ્રસાદનો ગર્વ ઉતરે છે. (૧/૩૫૬-૩૫૭) પ્રસંગ :** એક વખત જૂની ધર્મશાળામાં પીલપાયે સ્વામી પાસે સંત-પાર્ષદોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે સ્વામીશ્રીએ સાધુ હરિપ્રસાદદાસજીને કહ્યું : 'આ વૈકુંઠચરણદાસજી વૃદ્ધ સાધુ છે. માટે તેની તમે જોડ રાખો. ત્યારે તેણે કહ્યું : 'જોડ રાખે શું થાય ?' એટલે સ્વામીએ કહ્યું : 'આ દેહ કોઈ વખત માંદો થાય તેથી એકબીજાની જોડ હોય તો સેવા થાય.' એટલે તેણે કહ્યું : 'હું તો કોઈ દિવસ માંદો થાઉં જ નહિ.' ત્યારે સ્વામી બોલ્યા : 'આ દેહ પૂર્વ કર્મને આધીન છે, ને તેનો એકસરખો નિર્ધાર રહેતો જ નથી. માંદો થાય તો વાર પણ ન લાગે.' પરંતુ હરિપ્રસાદને આ વચનનો મર્મ ન સમજાયો. તેણે કહ્યું : 'સ્વામી ! હું તો નિયમિત રહું છું. અને શરીરસંપત્તિ સારી છે. માટે મારા માંદા થવાની તમારે કાંઈ ચિંતા કરવી નહિ.' ભંડાર તરફ જતાં ત્યાં બીજા સાધુઓને કહેવા લાગ્યો : 'સ્વામી ! મને પેલા ડોસા વૈકુંઠચરણની જોડ રાખવાનું કહે છે, પણ હું તો તેની સામું થૂંકું પણ નહિ.' બીજે દિવસે જ તેને સખત તાવ આવ્યો અને ઊલટીઓ થવા લાગી. સ્વામીએ મુકુન્દપ્રિયદાસને પૂછ્યું : 'આ ઊલટીઓ કોને થાય છે ?' ત્યારે તેમણે કહ્યું : 'હરિપ્રસાદને ગઈ કાલે રાત્રે સખત તાવ આવ્યો છે. તેથી ઊલટી થાય છે.' ત્યારે સ્વામી બોલ્યા : 'તે તો કાલે કહેતા હતા ને કે હું માંદો ન જ થાઉં. ?' વૃદ્ધ સાધુ વૈકુંઠચરણદાસજીનું આસન તેમની પાસે જ હતું. તેમની પાસે જ પાણી માગવું પડ્યું. વૈકુંઠચરણદાસ નિર્માની અને સાધુતાની મૂર્તિ હતા. એટલે હરિપ્રસાદ સાજા થયા ત્યાં સુધી તેમની સેવા કરી. હરિપ્રસાદનો ગર્વ ઊતરી ગયો. સ્વામીશ્રીનાં વચનમાં મર્મ હોય છે તે રહસ્ય સમજાયું અને સ્વામીશ્રીની માફી માગી. **મનન :** ભગવાન અને સંતની પાસે દીર્ઘ દૃષ્ટિ હોય છે. વળી તેઓ ગર્વગંજન પણ છે. અભિમાન તો રાજા રાવણનું પણ રહ્યું ન હતું. માટે ભગવાન અને સંત જે કહે તે પ્રમાણે તત્કાળ કરવું. અવજ્ઞા કરવાથી તેનું ફળ ભોગવવું પડે છે.

૨. **ઘનશ્યામદાસ : "સ્વામી ! કાણું માથે તૂત નાખો છો ?" (૧/૨૮૨) પ્રસંગ :** ધ્યાન કરતાં ઘનશ્યામદાસને સ્વામીએ કહ્યું : 'ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ?' ત્યારે તેમણે કહ્યું: 'સ્વામી ! કાણું માથે તૂત નાખો છો?' એટલે સ્વામીએ કહ્યું : 'તમે ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંશના માથે હાથ ફેરવતા હતા ? તરત જ તેઓએ સ્વામીના પગમાં પડીને કહ્યું : 'સ્વામી ! મારા અંતરમાં ઊંડો ભાવ હતો કે તમે હજુ ખંડિયા છો, પણ આજે નિશ્ચય થયો કે તમો ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા !' ત્યારે સ્વામીએ તેમના માથે બે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. **મનન :** વ્યક્તિ સાંભળે છે તો ઘણું પણ સ્વીકારતી નથી. તે જ વસ્તુનો જ્યારે અનુભવ થાય ત્યારે તેને પ્રતિતી થાય છે અને તે સ્વીકારે છે. બીજાને પણ તે સમજાવે છે.

૩. **સત્સંગમાં ફરશું ને મહુવે જઈને રહેશું. (૨/૩૫૧-૩૫૨) પ્રસંગ :** સ્વામીશ્રી જૂનાગઢથી અંતિમ વાર નીકળ્યા. જાગા સ્વામીએ લાવેલ ઘોડી ઉપર બેસી ચાલવાની તૈયારી કરતા હતા. ત્યાં સ્વામીશ્રીના માથાનો રૂમાલ નીચે પડી ગયો. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'જે અસવારનો માથાનો પાઘ અથવા રૂમાલ પડી જાય ત્યારે

જાણવું કે તે પાછો ઘેર નહિ આવે.' જાગા સ્વામી મર્મ વચન સમજીને અંતરે દુઃખી થયા. દરવાજા સામું જોઈને સ્વામીશ્રી બોલ્યા : 'શ્રીજીમહારાજે આ મંદિર અમને સોપ્યું હતું ત્યારથી આજ સુધી ચાલીસ વર્ષ, ચાર માસ, અને ચાર દિવસ સાચવ્યું અને રહ્યા. હવે સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહીશું. કાળવાને સામે કાંઠે જઈને સૌને પાછા વળવા કહ્યું. રસ્તામાં ચાલતાં 'મીઠા વ્હાલા કેમ વીસરું મારું તમથી બાંધેલ તન હો' વારંવાર બોલતા. સૌને લાગ્યું સ્વામીશ્રી આ લોકમાંથી ઉદાસ થયા છે. **મનન :** ભગવાન અને ભગવાનના સંત આ પૃથ્વી ઉપર કાયમ વિચરતા હોય છે. સ્વામીશ્રીએ પણ પોતાના આ લોકમાંથી જતાં પહેલાં જ પોતાનું પ્રગટપણું મહુવામાં એટલે કે પ્રાગજી ભક્તમાં છે. તેવી અગમવાણી ઉચ્ચારતાં સૌને કહી દીધું ''હવે હું પ્રાગજી ભક્ત દ્વારા સત્સંગમાં પ્રગટ રહીશ અને સૌને સુખ આપીશ.''

૪. **વ્યવહાર અને કથા - ત્રિકમદાસની મૂંઝવણ (૧/૪૧૨) પ્રસંગ :** કથાના આગ્રહી સ્વામીશ્રી કથા ચાલતી હોય ત્યારે ગમે તેવું વ્યવહારિક કાર્ય હોય તો પણ ઠેલી દેતા. સવારે નિત્યવિધિ કરીને ત્યાગી તથા હરિભક્તો સભામાં આવી શણગાર આરતી સુધી કથા સાંભળતા. આરતી કરી પોતપોતાની ક્રિયામાં પ્રવૃત્ત થતા. તે ક્રિયા પણ સ્વામી ફરતી રાખતા જેથી કથામાં ક્રિયાના સંકલ્પો ન થાય. સ્વામી કથામાં વાતો કરી રહ્યાં હતાં. તેવામાં એક વખત એક ઘી વેચનારો કોઠારે આવ્યો. કોઠારી ઘી લેવાનું પૂછવા આવ્યા. સ્વામીએ હા પાડી કથા ચાલુ રાખી. કોઠારી તો કોઠારમાં સ્વામીની રાહ જોઈને ફરી સ્વામીને બોલાવતાં કહ્યું : 'પોઠિયાવાળો ઉતાવળો થાય છે ને કહે છે કે ઘી ન લેવું હોય તો હું જાઉં.' સ્વામીશ્રીએ કહ્યું : 'ભલે તેને જાવું હોય તો જાય. હું શણગાર આરતી થતાં સુધી કથામાંથી ઊઠીશ નહિ.,' પોઠિયાવાળાએ આ સાંભળ્યું અને કહ્યું : 'હું કાંઈ જાવાનું કહેતો નથી. એ તો તમારા કોઠારી ખોટું બોલે છે. હું તો તમારી વાતો સાંભળતો અહીં ઊભો જ છું.' કોઠારી મૂંઝાઈને કોઠારે ચાલ્યા ગયા. **મનન :** મોટાપુરુષને ભગવાન પ્રધાન હોય છે. જીવને વ્યવહાર પ્રધાન હોય છે. જીવ વ્યવહાર પ્રધાન થઈ જાય ત્યારે સત્પુરુષ આગળ પણ ખોટું બોલે છે.

૫. **તેમાં કાંઈ તમારો હાથ ચીકણો થાય તેમ નથી. (૧/૫૦૨) પ્રસંગ :** જૂનાગઢમાં બિરાજતા સ્વામીશ્રી માટે હરિભક્તો અનેક વાનગીઓ બનાવી લાવતા પણ સ્વામીશ્રી તો ઠાકોરજીને ધરાવીને સભામાં વહેંચી દેતા. પોતાના માટે બાજરાની ધાણી પડાવી ડાબલીમાં ભરી રાખતા. એક દિવસ પાસે બેઠેલા સંતને શંકા થઈ કે 'સ્વામી શું જમે છે ?' તેથી તેમણે તે ડાબલીમાં હાથ નાખ્યો ત્યાં સ્વામીશ્રીએ પણ હાથ નાખ્યો અને બીજો હાથ અડ્યો એટલે પાસે બેઠેલા સાધુ સામું જોયું. તે શરમાઈ ગયા. સ્વામીશ્રીએ તેને કહ્યું : 'તેમાં કાંઈ તમારો હાથ ચીકણો થાય તેમ નથી.' પેલા સાધુને મનમાં થયું કે સ્વામીશ્રી માટે મેં શંકા કરી તે ઠીક ન કર્યું. સ્વામીશ્રી તો ગળ્યું, ચીકણું, દૂધ, દહીં કે ઘી જમતા જ નહિ. ભંડારમાં ગમે તે રસોઈ બનાવી હોય પરંતુ પોતે તો બાજરાનો રોટલો અને છાશ જ જમતા. **મનન :** જીવ એવી પ્રકૃતિનો છે કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મના ચરિત્રમાં પણ શંકા કરે ! સ્વામીશ્રી તો એક મહારાજની મૂર્તિના સુખે જ સુખિયા રહેતા. તેમનો એવો મહિમા સમજી જો તેમને વિષે નિર્દોષભાવ દૃઢ થાય તો તરત જ નિર્દોષ થઈ જવાય !

પ્ર.૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)

નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.

૧. **સાધુ ભગવાનદાસ (૧/૨૯૮-૨૯૯, ૫૯૧-૫૯૩) ૧.** અલૌકિક સ્થિતિ વાળા ભક્તરાજ. **૨.** જન્મ પીપલગ ગામમાં - મહારાજની મૂર્તિનું ધ્યાન અને ભજન બે જ નિશાન- બે તરબૂચ ભોંયમાં દાટ્યા - મામા માટેનું તરબૂચ શિયાળ ખાઈ ગયું - ગઢડામાં મહારાજને ચરણે ભેટ - ભક્તનો ભાવ ઉતાવળ કરાવે છે. - ભૂખ્યા હોય તો પણ હા પાડતા - પરણવાની ના - મોટાબાપાએ બે ત્રણ હજારની લાલચે પ્રપંચ કરી પરાણે લગ્નમંડપમાં લઈ ગયા - ચોથા ફેરે દોડીને સીધા વરતાલ પહોંચ્યા - ગોપાળાનંદ સ્વામીએ જૂનાગઢ મોકલ્યા - સ્વામીશ્રીએ દીક્ષા અપાવી ભગવાનદાસ નામ પાડ્યું - જડભરત જેવી સ્થિતિ - નિઃસ્વાદી વર્તમાનમાં શૂરવીર - ઉપયોગી વસ્તુ કીર્તનના ખરડા, પૂજા અને પ્રસાદીની વસ્તુઓ અને મહારાજના ચરણારવિંદ તુંબડીના ડબ્બામાં રાખતા - ઝૂંપડી પાસે સાપનો રાફડો - યોગની સ્થિરતા દૃઢ કરાવતો - ગુણાતીતાનંદ સ્વામીના દર્શને આવેલા બ્રહ્મા, વિષ્ણુ, મહેશને નજરોનજર નિહાળ્યા હતા. **વ્યક્તિત્વ :** સંસાર પ્રત્યે ઉદાસીન વૃત્તિવાળા - નિઃસ્વાદી, નિઃસ્પૃહી, જડભરત દશાવાળા

૨. **વસોના વાઘજીભાઈ :** ૧. સ્વામીની યાદ આવતાં ખેતરેથી સીધા જ જૂનાગઢ જવા નીકળી ગયા.૧/૪૨૭-૪૨૮

૨. વાઘજીભાઈ ! કઠણ દેશકાળ આવે ત્યારે અમને સંભારજો. - બળરામદાસની ઉપાધિમાંથી ઊગાર્યા.૧/૪૨૮-૪૨૯

૩ વાઘજી જેવું તો ન થવાય. એ તો બધું મૂકીને આપની પાસે દોડ્યો આવે છે. ૧/૪૮૦

વ્યક્તિત્વ : સંસારમાં રહેવા છતાં સંસારથી અલિપ્ત - સ્વામીની યાદ આવતાં જ ઘરબાર છોડી તરત જ નીકળી જતા. સ્વામીશ્રીના પ્રસંગે કરીને કરેલી દઢતાને કારણે ખોટા પક્ષમાં ભળી ન જતા.

વિભાગ ૩ઃ સનાતન ધર્મ અભિગમ - નવી આવૃત્તિના આધારે

પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)

નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. પરમાત્માનાં પાંચ સ્વરૂપનો ઉલ્લેખ કરો. (૮૯-૯૦)

જ. પરમાત્માનાં પાંચ સ્વરૂપ : પર, વ્યૂહ, વિભવ, અર્ચા અને અંતર્યામી.

૨. પશ્ચિમના કયા મહાનુભાવો પોતાનો પુનર્જન્મ થયો છે એમ માનતા ? (૧૨૯-૧૩૦)

જ. પશ્ચિમના નેપોલિયન, હેન્રી ફોર્ડ, જનરલ જોર્જ પેટન, પાયથાગોરસ આ મહાનુભાવો પોતાનો પુનર્જન્મ થયો છે એમ માનતા.

૩. માનવ જીવનમાં કયા ચાર આશ્રમો છે ? (૪૬)

જ. માનવ જીવનના ચાર આશ્રમો : બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યસ્તાશ્રમ

૪. દુનિયામાંથી યુદ્ધ કેવી રીતે નાબૂદ કરી શકાય ? (૧૭)

જ. શાકાહાર અપનાવીને દુનિયામાંથી યુદ્ધ નાબૂદ કરી શકાય.

૫. नाहं जानामि कुण्डले, नाहं जानामि कङ्कणे । नूपुरे त्वेव जानामि नित्यं पादाभिवन्दनात् ॥ આ શ્લોક કોણ બોલ્યું છે ? (૬૩)

જ. આ શ્લોક લક્ષ્મણજી બોલ્યા છે.

પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ : ૬)

૧. રાજસ આહાર વિશે જણાવો. (૨)

જ. રાજસ આહાર : રજોગુણી (વાયુપ્રકૃતિવાળા)ને પ્રિય. જેવા કે મધુર સિવાયના પાંચે રસ : ખાટા, ખારા, તીખા, તૂરા ને કડવા રસવાળા, જુદું જુદું કરીને લેવાતા સ્વતંત્ર આહાર. આ ઉપરાંત અત્યંત ઊના(ચૂલેથી તરત ઉતારેલા), લૂખા (જે આહાર લીધા પછી ખૂબ પાણી પીવું પડે છતાં તૃષા ન છીપે તેવા), તળેલા, શેકેલા, ઉકાળેલા, વઘારેલા, દાહ કરનારા(લવિંગ, તજ, લીંડીપીંપર, જાવંત્રી, એલચી આદિ તેજાના), મોંને ઝણઝણાટ ને પાણી ઉત્પન્ન કરનારા, જેના સેવનથી દુઃખ, શોક, ગ્લાનિ તથા રોગ ઊપજે છે અને વાસનાઓ વધે છે કારણ કે વાયુપ્રકૃતિ રજોગુણી છે.

૨. પુનર્જન્મનું ઉદાહરણ - વીકમશી ખાચર (૧૪૧-૧૪૨)

જ. કારિયાણીમાં વીકમશીખાચરને શ્રીજીમહારાજે કહ્યું : ‘તમે પૂર્વજન્મમાં ખંભાતના સુથાર હતા. તમારું નામ નારણ હતું અને તમારા બાપનું નામ હીરો તથા માતાનું નામ પૂંજી છે. તમે મરી ગયા પછી તમારી મા રોઈ રોઈને આંધળી થઈ છે. તમારી હવેલી વાણિયાને ત્યાં ઘરાણે મેલી છે ને તમારી ડોશીને છાપરું કરી આપ્યું છે તેમાં રહે છે.’ ત્યારે વીકમશીખાચર કહે : ‘તેની નિશાની શું ?’ ત્યારે શ્રીજીમહારાજ કહે છે ‘તમારી હવેલીના ઓરડામાં ત્રીજો પાટડો છે તેમાં પાંચસો રૂપિયાની વાંસળી તમારા બાપે મૂકેલી છે. અને ત્યાં ડગળી મારેલી છે. તે દિવસે દીવો લઈને જોશે તો જણાશે.’ આટલી નિશાની લઈ વીકમશીખાચર ખંભાત આવ્યા ને પૂછતાં પૂછતાં શેઠનું ઘર મળ્યું. પૂંજી ડોશી હજી હયાત હતી. તેને પૂછતાં કહે : ‘મારું નામ પૂંજી, સુથાર છીએ ને મારે નારણ કરીને નાનો બાળક હતો, તે ઓઢ્યા-પહેર્યા જેવો થયો ત્યારે તે મરી ગયો. અને તેનો બાપ પણ મરી ગયો.’ એમ કહી ડોશી અતિશય રોવા લાગી. વીકમશીખાચરે શેઠને વિનંતિ કરી. દીવો લઈ ઘરમાં ગયા ને સુથારને બોલાવી ત્રીજા પાટડામાં જે ડગળી મારેલી હતી તે કઢાવી તો પાંચસો રૂપિયા નીકળ્યા. એ રૂપિયા પોતાની મા પૂંજીને આપીને કહ્યું : ‘ડોશીમા ! રોશો નહિ. આ હું તમારો નારણ છું અને કારિયાણી ગામમાં કાઠીને ત્યાં જન્મ્યો છું. પાંચસો રૂપિયા તમને આપું છું, તે પહોંચે ત્યાં સુધી ખાજો. અને તમારી સેવામાં એક બાઈ રાખી દઉં છું, તે તમારી સેવા કરશે.’ પછી એક શેઠને ત્યાં તે પાંચસો રૂપિયા વ્યાજે મૂક્યા ને શેઠને ભલામણ કરી, ‘આ ડોશીને સારી રીતે સાચવજો’ પોતે કારિયાણી પાછા આવ્યા.

૩. ગ.અં. ૩૮માં શિખામણ આપતા શ્રીજીમહારાજ શું કહે છે ? (૯૬)

જ. ગ.અં.૩૮માં શિખામણ આપતાં શ્રીજીમહારાજ કહે છે : તમારી સર્વેની દૃષ્ટિ સમક્ષ વિરાજમાન એવો હું જે પ્રત્યક્ષ

પુરુષોત્તમ ભગવાન તે તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છું, ને મારા જે પૂર્વે ઘણાક અવતાર થયા છે તે નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.

પ્ર.૧૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ : ૩)

૧. મદ્યપાનથી શરીર પર થતી અસરો (૨૪-૨૫) જ.શરૂઆતમાં થોડા પરંતુ ધીરે ધીરે સતત મદ્યપાનથી મગજમાં દારૂનો પ્રવેશ થાય છે અને પરિણામે મગજમાં સોજો ચડે છે, તેમાં પાણી ભરાય છે. (Oedema) ખોપરીના દબાણથી સૂજી ગયેલ મગજ ફૂટે અને તેમાં ભરાયેલું પાણી ઓસરે છે. મગજ ધીરે ધીરે સુકાય છે. મગજને તર રાખનાર 'ગ્લુટો માઈન' નામનો રસ સુકાઈ જાય છે, માણસને સુસ્તી આવે છે, સત્ત્વ નાશ પામે છે. મનુષ્યના મગજને વિષે વિચાર અને નિર્ણય માટેના ઉપયોગી પદાર્થ grey matter (ગ્રે મેટર) સડવા માંડે છે. જેના ફલસ્વરૂપ મગજ કઠણ થાય છે. તે થતાં જ માનસિક ત્રાસની શરૂઆત થાય છે, માથું દુઃખે છે, સાઈડોસીસ થાય છે, મગજની રક્તવાહિનીઓ ફૂટીને રક્તસ્ત્રાવ થાય છે. વિટામીન બી ઓછું થવાથી મગજ સડવા માંડે છે, 'ન્યુરાઈડીસ'નો ભોગ બનતાં અસહ્ય વેદના, અંધાપો અને બહેરાપણું પણ પ્રગટ થાય છે. લોહીમાં દારૂ દાખલ થાય તેને પરિણામે લોહી વેગથી વહે છે અને ચામડી તરફ ધસે છે. શરીરની ઉષ્ણતા ચામડી તરફ વહે છે. આ ઉષ્ણતા-ગરમી દારૂની નહિ, પણ અંદરના અવયવોની છે. દારૂ ગરમી આપતો નથી પણ શરીરની ચરબી, કાર્બન વગેરે પદાર્થો બાળીને ગરમી આપે છે. બહારની હવાથી લોહી ઠંડું થતું જાય છે અને તે જ લોહી અંદર જતા શરીરને પણ ઠંડું કરે છે ને ન્યુમોનિયા જેવા રોગો થાય છે. દારૂથી લોહીનો ભ્રમણવેગ વધ્યો એટલે શુદ્ધ રક્તવાહિનીઓ (arteries) પહોળી થઈને ઢીલી થાય છે. લોહીનું નૈસર્ગિક ભ્રમણ મંદ પડે છે. Coronary artery રક્તવાહિનીમાં થ્રોમ્બ અર્થાત્ ગાંઠ આવે છે. છાતીમાં ધબકારા વધે છે. આવા પ્રસંગે હૃદય બંધ પડવાની શક્યાતાઓ વધે છે. ફેફસાંને પણ સોજો ચડે છે. ગળામાં સ્વરપેટી(sound box)ને દારૂનો સ્પર્શ નથી, છતાં ગળાના કૅન્સર દારૂ પીવાથી થાય છે. પેટ અને આંતર ત્વચામાં અન્નના પાચક રસ શોષવાની શક્તિનો દારૂથી લોપ થાય છે. પેટમાં અમ્લતા(Acidity) વધે છે. સતત મદ્યપાનથી સ્વાદુપિંડ સડે છે. મૂત્રાશય, અસ્થિરસ, પ્લીહા, જનનેન્દ્રિય અને આંતરગ્રંથિઓ ઉપર રોગનું ધીરે ધીરે આક્રમણ થાય છે. સામાન્યપણે મગજનાં જ્ઞાનકેન્દ્ર અને સંયમકેન્દ્ર મનુષ્યની ઈચ્છાશક્તિને વશ વર્તે છે, પરંતુ દારૂના સેવનથી તે બહેરાં થઈ જાય છે, ઈચ્છાશક્તિ મરી જાય છે. આવાં અનેક શારીરિક અને માનસિક વિઘાતક પરિણામો મદ્યપાનથી જોવાં મળે છે.

૨. પુનર્જન્મ વિષયક વિશ્વના ધર્મોની માન્યતાઓ (૧૨૦-૧૨૨)

૧. યહુદી પુરાણ અથવા શાસ્ત્રમાં પરલોકનો કોઈ ઉલ્લેખ નથી. આ જન્મનાં કરેલાં કર્મોનો ફળભોગ આ જ જન્મમાં થાય છે.

૨. મનુષ્ય જાતિના પુરુષ સિવાય અન્ય કોઈ દેહધારીને વિષે, ત્યાં સુધી કે સ્ત્રીને વિષે પણ આત્મા નથી હોતો. મનુષ્યનો આ લોકમાં કેવળ એક વાર જ જન્મ થાય છે. સર્વવ્યાપી બ્રહ્મની કોઈ કલ્પના જ નથી. યહૂદીના 'યહોવા', ખ્રિસ્તીના 'ગોડ' અને મુસલમાનના 'અલ્લાહ' 'ઈશ્વર' છે તે પુરુષ છે અને સ્વર્ગમાં રહે છે. એનો અવતાર નથી થતો. સ્વર્ગમાં કોઈ દેવતા નથી અને કોઈ દેવી નથી. માનવદેહધારી સ્ત્રીને વિષે આત્મા નથી અર્થાત્ તે જડ છે એવી માન્યતાને લીધે પશ્ચિમમાં ભોગવાદ વધ્યો છે.

૩. યહૂદી મતમાં ઈશ્વરના પ્રેરિત દૂત મસીહા ભવિષ્યમાં પૃથ્વી ઉપર આવશે. ખ્રિસ્તીના મતથી તે મસીહા ઈશુ છે. તે ઈશ્વરના પુત્ર છે અને પૃથ્વી ઉપર અવતીર્ણ થઈ ગયા છે. મુસ્લિમના મતથી મહમ્મદ ઈશ્વરના દૂત (અલ્લાહ કે પૈગમ્બર) છે.

૪. ખ્રિસ્તી અને મુસ્લિમના મતાનુસાર આત્મા અને દેહનો સંબંધ ઘણું કરીને અવિચ્છેદ્ય છે. એટલા માટે મિશ્ર દેશના 'મમી'ના અનુકરણમાં મૃતદેહને ન બાળતાં, શબ-દેહને ઉપર્યુક્ત આકારની શબ-પેટીનું કૉફીનમાં સુરક્ષિત કરી, એને ભૂમિમાં દફનાવવામાં આવે છે. એ દેહ દૂરના ભવિષ્યમાં અંતિમ ન્યાયતુલાના દિવસે ઈશ્વરના સિંહાસનની બંને બાજુ ઊઠીને ઊભા થઈ જશે. ધાર્મિક લોકો જમણી બાજુ રહેશે અને પાપી લોકો ડાબી બાજુ ઊભા રહેશે.

૫. એકમાત્ર આ જ જન્મના કર્મફળથી પુણ્યાત્માઓને અનંત કાળ સુધી સ્વર્ગ અને પાપાત્માઓને અનંત કાળ સુધી નરક ભોગવવું પડશે. ખ્રિસ્તી અને મુસ્લિમ દર્શન અનુસાર જે લોકો ખ્રિસ્તી કે મુસલમાન નથી, તેઓ યથાક્રમથી અવશ્યપણે અક્ષય નરકાગ્નિમાં પડી દગ્ધ થશે. તેમની આસ્થાને આધારે કહીએ તો 'મૂર્તિપૂજક વર્ણાશ્રમી હિંદુ, ભલે તે ગમે તેટલો ભલો માણસ કેમ ન હોય, એને માટે નરકભોગ અનિવાર્ય છે.' પરંતુ મુશ્કેલી એ છે કે રોમન કેથલિક લોકો સમજે છે કે પ્રોટેસ્ટન્ટ આદિ ખ્રિસ્તી પણ નરકમાં પડશે, કેવળ પોતે જ અનંત સ્વર્ગમાં જશે. પ્રોટેસ્ટન્ટ પણ એમ જ સમજે છે કે રોમન કેથોલિક નરકમાં જશે. મુસ્લિમ શિયા-સુન્ની આદિ માટે પણ એ જ ધોરણ સ્વીકારાય છે.

૬. આ બધાં ધર્મોનાં દર્શનમાં સમગ્ર જીવ જગત(તથા સ્ત્રીઓ પણ) પુરુષના ભોગ માટેનું સાધન માત્ર છે. જ્યારે

પુરુષ(નર)ના સિવાય બીજા કોઈમાં આત્મા જ નથી, ત્યારે ગમે તે પ્રકારે, ગમે તે પ્રાણીની હિંસા કેમ ન કરાય ? તેથી તે જીવની હિંસામાં કોઈ પાપ નથી. એમ જણાય છે કે આ મતોમાં અહિંસાને માટે કોઈ સ્થાન જ નથી.

પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં) (કુલ ગુણ : ૬)

૧. **માંસાહારની ત્રુટિઓ લખો.** (૭-૯) માંસાહારની ઘટતી જતી લોકપ્રિયતાનાં મૂળમાં તેમાં રહેલી પૂરતાં પોષક તત્ત્વોની ખામી તથા તેનાથી થતા શારીરિક રોગોમાં છે. માંસમાં શરીરને જરૂરી તેવા કાર્બોહાઈડ્રેટસ નથી. વળી તેમાં ફાઈબર તથા કૅલ્શિયમના અભાવે હાડકાં મજબૂત બનતાં નથી. વળી, તેનાથી ઓસ્ટીઓપોરોસીસ નામનો રોગ પણ થાય છે. માંસમાં ચરબીનું પ્રમાણ વધુ હોવાથી શરીરમાં કોલેસ્ટરોલનું પ્રમાણ વધવાથી હૃદયરોગ પણ થાય છે. જ્યારે કોલેસ્ટરોલનાં પડ તથા અન્ય ચરબી પણ ધીરે ધીરે લોહીની નળીઓમાં જામવાથી લોહીની નળીઓનો વ્યાસ નાનો થતો જાય છે. પરિણામે ઓછું લોહી વહે છે. ઓછું લોહી વહેવાથી હૃદય ઉપર બોજો વધી જાય છે અને તેને વધારે બળપૂર્વક પમ્પ કરીને સૂક્ષ્મ માર્ગ ધરાવતી નાડીઓમાંથી લોહી વહેતું કરવું પડે છે. આ ક્રિયાના ફળરૂપે બ્લડપ્રેશર - લોહીનું ઊંચું દબાણ કે હૃદયરોગનો હુમલો પણ આવે છે. માંસમાં ફાઈબરની ખામીથી શરીરમાં બાઈલ ઍસિડનું પ્રમાણ વધી જવાથી કૅન્સરનો ભય પણ રહે છે. કૅન્સરના દર્દીઓને શુદ્ધ શાકાહાર ઉપર રાખવાના પ્રયત્નો સર્વવિદિત છે. આંતરડાના કૅન્સરનું પ્રમાણ માંસાહારીઓમાં વધુ છે. ઉત્તર અમેરિકા તથા પશ્ચિમ યુરોપમાં તે વધુ જોવા મળે છે. અમેરિકામાં ફેફસાના કૅન્સર બાદ આંતરડાના કૅન્સરથી લોકો પીડાય છે. જ્યારે ભારત જેવા શાકાહારને વરેલા દેશમાં તેનું પ્રમાણ નહિવત્ છે. તાજેતરમાં ખ્રિસ્તી ધર્મના સેવન્થ ડે એડવેન્ટીસ્ટસ વર્ગની ૫૦,૦૦૦ વ્યક્તિઓ(જેઓ શાકાહારી છે)ની તપાસ કરતાં જણાયું કે તેઓમાં કૅન્સરનું પ્રમાણ આશ્ચર્ય પમાડે તેટલું નીચું છે. આ અભ્યાસ પરથી ફલિત થાય છે કે શાકાહારીઓનું આયુષ્ય તંદુરસ્ત અને લાંબુ હોય છે. માંસાહારથી મનુષ્યને ઝેર ચડે છે તે સેલ્મેનોસિસ કહેવાય છે. માંસની વાનગીઓથી પણ બેક્ટેરીયાજન્ય વિષ ચડે છે. માંસની જાળવણી માટે નાઈટ્રેટ્સ તથા નાઈટ્રાઈટ્સ ઉમેરવામાં આવે છે, જેથી તેનો રંગ લાલ રહી શકે. પરંતુ આ તત્ત્વો કૅન્સર ઉત્પન્ન કરનાર છે. ટેનેસી(અમેરિકા)માં આવેલ આર્કરીજ નેશનલ લૅબોરેટરીના ડૉ. વિલિયમ કહે છે : 'નાઈટ્રેટવાળો ખોરાક તો હું મારી પાળેલી બિલાડીને પણ આપતો નથી.' એક અમેરિકન ફીઝિશીયને માનવમૂત્રનો અભ્યાસ કર્યો, તેનું વિભાગીકરણ કરતાં જણાવ્યું કે માંસાહારીની કીડનીને શાકાહારીની કીડની કરતાં ત્રણ ગણો વધુ પરિશ્રમ ફક્ત મૂત્ર અને અન્ય ઝેરી નાઈટ્રોજન તત્ત્વો દૂર કરવા કરવો પડે છે. ઉંમર વધતાં કીડની અશક્ત થાય છે અને લોહીમાંથી અલગ ન કરાયેલું યુરિક ઍસિડ આખા શરીરને વિષે વ્યાપી જાય છે. એ યુરિક ઍસિડ તે તે સ્થળે સ્નાયુઓ દ્વારા ચૂસાઈ જાય છે. બાદ આ સ્નાયુઓ કઠણ થતા જાય છે. જ્યારે આ જ યુરિક નાડીઓને વિષે એકત્ર થાય છે ત્યારે પરિણામે ન્યુરાઈટીસ અને સાયટીકા થાય છે. શરીરના સાંધાઓમાં દુખાવો શરૂ થતાં આર્થરાઈટીસ અને રયુમેટીઝમ જેવા રોગો પણ થાય છે. આ રોગોથી પીડાતા દર્દીઓને આજે ઘણા ડૉક્ટરો માંસાહારનો સંપૂર્ણ ત્યાગ કરવાની સૂચના આપે છે. મનુષ્યમાં રહેલી હિંસકવૃત્તિ માંસાહાર લેવાથી વધુ ઉત્તેજિત થાય છે. શિકાગો શહેરનો અભ્યાસ જણાવે છે કે ત્યાં જાનવરોની હત્યા બહુ મોટા પ્રમાણમાં થાય છે, તો તેના ફળરૂપે ત્યાં ખૂન તથા બીજા ગુના પણ જગતના બીજા કોઈ પણ શહેર કરતાં વધારે થાય છે. માંસાહારથી પશુઓના રોગો અને તેની આદતોને માનવ શરીરમાં પ્રવેશવાનો પૂરો અવકાશ રહે છે. સિંહ-વરુ કે બાજ-સમડી પણ એકબીજાનું માંસ ખાતાં નથી. નેચરલ હાઈજીનીક સોસાયટીના ડૉ. શેલ્ટને રહસ્ય ખુલ્લું કર્યું કે 'પશુઓનાં અંગોમાંથી બનાવવામાં આવતી દવાઓ થોડો તાત્કાલિક લાભ ભલે કરતી, પરંતુ પાછળથી લકવા, કૅન્સર, સ્નાયુ વિગઠન જેવા ભયંકર રોગો થવાનું કારણ બને છે.' આમ, માંસથી શારીરિક સ્વાસ્થ્ય જોખમાય છે તે ઘણા અભ્યાસ પરથી ફલિત થાય છે.

૨. **મૂર્તિના પ્રકારો** (૯૬-૯૯) બહુધા મૂર્તિઓના ત્રણ પ્રકારો જોવામાં આવે છે. સ્વતઃ પ્રકટ(સ્વયંભૂ) પ્રતિમાઓ ભગવાનનો સ્વયં અર્ચાવતાર છે. આ મૂર્તિઓ કોઈ દ્વારા નિર્માણ થઈ હોય એવું નથી. યોગ્ય સમયે ભક્તોને પોતાના પ્રાકટ્યનો નિર્દેશ કરે છે, અને સાંકેતિક સ્થળ પર જઈ ખોદવાથી ભક્ત તેને પ્રાપ્ત કરે છે. સ્વતઃ સંભૂત મૂર્તિ સુલભ નથી હોતી કે મળી જાય. દા.ત. દક્ષિણમાં મેલુકોટે વૈષ્ણવ સંપ્રદાયનું મોટું તીર્થક્ષેત્ર છે. એને યાદવગિરી પણ કહે છે. શ્રીમદ્ રામાનુજાચાર્યને સ્વપ્નમાં દર્શન દઈ 'સંપતકુમારની મૂર્તિ એક ઠેકાણે દટાયેલી છે, તેમ ભગવાને જણાવેલું, તે મૂર્તિ અત્રે પધરાવી છે. આવી સ્વયંભૂ મૂર્તિઓને વિષે ભગવાનપણાનો ભાવ જલદી બેસી જાય છે. એ જ્યાં પ્રકટ થાય છે એ જગ્યા પણ તીર્થસ્થાન બની જાય છે. બીજો પ્રકાર સિદ્ધપુરુષો દ્વારા સ્થાપવામાં આવેલી મૂર્તિઓનો છે. એમાં પણ અનેક પ્રકારો સિદ્ધપુરુષનાં ઐશ્વર્ય-પ્રતાપનાં બળે મૂર્તિમાં સહેજે દૈવત જોવામાં આવે છે. ત્રીજો પ્રકાર મનુષ્યો દ્વારા નિર્મિત અને યજ્ઞયાગાદિ વેદવિધિપૂર્વક પ્રતિષ્ઠાપિત મૂર્તિઓનો છે. આ પ્રત્યેકમાં અનેક વિશેષતાઓ

જરૂર હોય છે છતાં પણ ઉપાસક દ્વારા કરવામાં આવતી ઉપાસના અર્થાત્ અર્ચન-પૂજન વગેરે ઉપર પણ ઘણો આધાર રહે છે. અર્ચક અર્થાત્ પૂજક બ્રહ્મચર્યવ્રતનું સંપૂર્ણ પાલન તથા અન્ય નિયમોનું યથાર્થ અનુસરણ કરવારૂપ તપશ્ચર્યા યુક્ત હોય, અર્ચન સામગ્રી અર્થાત્ વિત્ત વગેરે કપટ કર્યા સિવાય અને શ્રદ્ધાપૂર્વક યથોચિત સંપાદન કરેલાં હોય અને બિંબ એટલે ભગવાનની મૂર્તિ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તૈયાર કરાવેલી સુશોભિત અને સ્મરણીય હોય, તો તેમાં પરમાત્માનો નિવાસ થાય છે. આ જ અર્થ દૃઢ કરાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'જે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય તેણે અતિશય પવિત્રપણે રહેવું. જેમ દેવને પૂજવા તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને પૂજા કરે ત્યારે દેવ તેની પૂજા અંગીકાર કરે છે. માટે મૂર્તિને વિષે પરમાત્માની સન્નિધિનો અનુભવ થવો તેમાં ઉપાસકની શુદ્ધિ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પૂજા કરનારને સર્વ પ્રથમ તો એ મૂર્તિ કાષ્ઠ-પાષાણ કે ચિત્રામણની લાગે, પરંતુ જેમ જેમ ભગવદ્‌ભાવનો આરોપ કરી, શ્રદ્ધા-વિશ્વાસ સહિત પ્રેમપૂર્વક સેવા-પૂજા કરે, તો સત્સંગના પ્રતાપથી તે મૂર્તિ કાષ્ઠ-પાષાણ કે ચિત્રામણની હોવા છતાં તેમાંથી સાક્ષાત્ પરમાત્મા સ્વયં પ્રગટ થાય છે. નરસિંહ મહેતાને દામોદરની મૂર્તિએ સ્વયં હાર આપ્યો હતો; મીરાનું હળાહળ ઝેર પીધું હતું, મીરાંને સૌનાં દેખતાં જ રણછોડરાયે પોતામાં સમાવી લીધાં; તેવી જ રીતે ચૈતન્ય મહાપ્રભુ પણ જગન્નાથની મૂર્તિમાં લીન થઈ ગયા; તે વાતો સુપ્રસિદ્ધ છે. મીરાં, ચૈતન્ય કે નરસિંહ મહેતાને માટે મૂર્તિ એ કેવળ કાષ્ઠ-પાષાણની જડ મૂર્તિ નહોતી, પરંતુ ચિન્મય સાક્ષાત્ પરમાત્મા જ હતા. જ્યારે વેદવિધિપૂર્વક મૂર્તિની પ્રતિષ્ઠા થાય, તેમાં પણ એવા સમર્થ સત્પુરુષને હસ્તે પ્રતિષ્ઠા વિધિ થાય તથા તે મૂર્તિની પૂજા કરનારા અંતરંગ-બહિરંગ શુદ્ધિ જાળવતા હોય, તો તે મૂર્તિમાં પરમાત્માનું ચૈતન્ય સચવાય છે. કોઈપણ સનાતન ધર્મી જડ પદાર્થોની ઉપાસના કરવાનું કહેતો નથી, પરંતુ પાષાણમાં નખશિખાપર્યંત વ્યાપીને રહેલા પરમાત્માને સેવવા-પૂજવાનો આદેશ આપે છે. સૌનો અનુભવ છે કે આવી મૂર્તિઓ સમક્ષ કોઈ એમ નથી બોલતું કે 'હે કાળા, ગોરા પથ્થર ! હું તમને નમસ્કાર કરું છું.' જેની દૃષ્ટિ પલટાઈ ગઈ છે તે તો એમ જ કહેશે : 'હે સર્વત્ર વ્યાપક, સર્વના અંતર્યામી પ્રભુ ! આપ જ જગતના પાલક, પોષક અને સંહારના કરનારા છો, હું આપને વારંવાર નમસ્કાર કરું છું.' આપણે વિચાર કરીશું તો જણાશે કે પાષાણાદિ જડ પદાર્થોને સ્તુતિ ઘટિત નથી; પરંતુ તે પ્રાર્થના તો તે મૂર્તિમાં અખંડ નિવાસ કરી રહેલા ચિન્મય પરમાત્માને જ ઘટે છે. ધ્રુવજીએ નારદજીના ઉપદેશથી મૂર્તિની પૂજા દ્વારા ફક્ત છ માસમાં પરમાત્માનાં દર્શન કર્યાં. એકલવ્ય ભીલ બાળક હતો. તેણે દ્રોણાચાર્યની માટીની પ્રતિમા બનાવીને તે મૂર્તિમાં દ્રોણનું સાક્ષાત્ સ્વરૂપ કલ્પ્યું તો તેના પ્રતાપથી બાણવિદ્યામાં તે અર્જુન કરતાં અધિક નિપુણ થઈ ગયો. રામચંદ્ર સ્થાપિત 'રામેશ્વર' નામનું શિવલિંગ સેતુબંધમાં આજે પણ વિદ્યમાન છે. વાલ્મીકિ રામાયણમાં તેનો ઉલ્લેખ મળે છે. રાવણ તો યાત્રામાં પણ સુવર્ણમય લિંગ સાથે રાખીને તેની નિત્યપૂજા ભાવપૂર્વક કરતો. આ બધી ઘટનાઓ ઘણી પ્રાચીન છે. શ્રીજીમહારાજના સમયમાં એભલખાચર જીવુબાને મારવા આવ્યા તે સમયે ઉપાસ્ય મૂર્તિમાંથી ભગવાન પ્રગટ થયા અને એભલ ખાચરના આદેશ અનુસાર દૂધ પી ગયા. વડતાલમાં શ્રીજીમહારાજે સ્વહસ્તે પોતાની મૂર્તિ પધરાવી, તે મૂર્તિ જ્યારે રામપ્રતાપભાઈ દર્શને પધારતા ત્યારે 'આવો બડે ભૈયા' કહી આવકાર આપતી, ભેટતી, એ સુવિદિત હકીકત છે. શ્રીજીમહારાજના સ્વધામગમન બાદ ગોપીનાથજીની મૂર્તિમાંથી પ્રગટ થઈ શ્રીજીમહારાજ પ્રેમાનંદ સ્વામીને રોજ હાર આપતા અને બ્રહ્માનંદ સ્વામીને પણ દર્શન આપતા હતા. આવાં તો અનંત આશ્ચર્યો પોતાના ભક્તજનોને શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ દ્વારા બતાવ્યાં છે. કોઈની પુષ્પહારાદિ ભેટ સામગ્રી સ્વહસ્તે સ્વીકારી, કોઈએ ભક્તિપૂર્વક ધરેલાં નૈવેદ્ય તથા દૂધ કે જળને મનુષ્યની જેમ આરોગી જઈ આશ્રિતોના મનોરથ પૂરા કર્યા, તો વળી અન્ય ભક્તોને પોતાના દિવ્ય સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન આપ્યાં, તેમની શત્રુ થકી રક્ષા કરી. પુત્રાર્થીઓને પુત્ર આપ્યા. વળી કેટલાકને આ મૂર્તિઓનાં દર્શન કરતાં જ સદ્ય સમાધિ પણ કરાવી અને બ્રહ્મપુર ધામને વિષે વિરાજમાન પોતાના અતિ તેજોમય દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. આવાં તમામ આશ્ચર્યોનો શ્રીજીમહારાજની ઈચ્છા-સંકલ્પના બળે મૂર્તિ દ્વારા અનેકને અનેક પ્રસંગોએ અનુભવ થતો રહ્યો છે. ગોંડળમાં તેમજ ભાવનગરમાં 'હરિકૃષ્ણ મહારાજ'ની નાની મૂર્તિ દ્વારા યોગીજી મહારાજને હસ્તે મહારાજ ઘણી વાર થાળ જમી ગયા હતા તે પ્રસંગો ભુલાય તેવા નથી. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી દ્વારા પ્રતિષ્ઠાપિત અક્ષરપુરુષોત્તમની દિવ્ય પ્રતિમાઓ સાંકરીના મંદિરમાં શ્રીજીમહારાજ અન્નકૂટનો થાળ પ્રતિવર્ષ જમે છે એ પણ આશ્ચર્ય હકીકત છે. આવા તો અસંખ્ય પ્રસંગો છે. મૂર્તિની પ્રતિષ્ઠા થયા પછી, 'તે મૂર્તિમાં સાક્ષાત્ પરમાત્મા જ વિરાજમાન છે' એવો ભાવ રાખી, તે મૂર્તિની સેવા-પૂજા થાય છે.

❑ ❑ ❑